# સ્માર્ટફોન હેકિંગનો ખતરો સાવચેતી જ સુરક્ષા

આજના ડિજિટલ યુગમાં સ્માર્ટફોન આપણા જીવનનું એક અવિભાજ્ય અંગ બની ગયો છે. સવારના એલાર્મથી લઈને રાત્રે સૂતી વખતે સોશિયલ મીડિયાના વપરાશ સુધી, ઓનલાઈન પેમેન્ટ ચૂકવવા તેમજ મેળવવા , આપણે દરેક નાની-મોટી બાબતો માટે મોબાઈલ પર નિર્ભર છીએ. પરંતુ, જેમ સિક્કાની બે બાજુ હોય છે, તેમ સ્માર્ટફોનના વધતા ઉપયોગ સાથે "હેકિંગ"અને "સાયબર ક્રાઈમ" જેવી ગંભીર સમસ્યાઓ પણ વધી રહી છે. તો વાચક મિત્રો આજના લેખમાં આપણે વિગતવાર એ બાબતને જાણવાનો પ્રયત્ન કરીશું કે, ફોન હેક થયો છે કે નહીં તેના સંકેતો કયા પ્રકારના હોય છે અને તેને સુરક્ષિત રાખવા માટે કયા કડક પગલાં લેવા જોઈએ.

**તમારા મોબાઈલમાં જ છુપાયેલો છે સાયબર ખતરો** | **ફોન હેક થયો છે કે નહીં તેના સંકેતો જાણો અને બચો** | **"હેકિંગ"અને "સાયબર ક્રાઈમ"ની સમસ્યાઓ વધી**

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન માત્ર વાતચીતનું સાધન નથી રહ્યો, પરંતુ બેંકિંગ, સોશિયલ મીડિયા, ફોટા, દસ્તાવેજો અને વ્યક્તિગત માહિતીનો ખજાનો બની ગયો છે. તેથી ફોનને હેકિંગથી બચાવવો ખૂબ જરૂરી છે. સૌ પ્રથમ, ફોનમાં હંમેશા મજબૂત પાસવર્ડ, પિન અથવા બાયોમેટ્રિક લોક રાખવો જોઈએ. અજાણી લિંક, મેસેજ અથવા ઈમેલમાં આવેલી ફાઈલ પર ક્લિક કરવાનું ટાળવું જોઈએ, કારણ કે આવી લિંક્સ મારફતે મૉલવેર ફોનમાં પ્રવેશી શકે છે. ફોનમાં એપ્લિકેશન માત્ર સત્તાવાર પ્લે સ્ટોર અથવા એપ સ્ટોરમાંથી જ ડાઉનલોડ કરવી. અજાણી એપને કેમેરા, માઈક્રોફોન, લોકેશન અને કોન્ટેક્ટ જેવી પરમિશન આપતા પહેલા વિચારવું જોઈએ. ફોનનું ઓપરેટિંગ સિસ્ટમ અને એપ્સ નિયમિત અપડેટ રાખવાથી સુરક્ષા ખામીઓ બંધ થાય છે. જાહેર વાઈ-ફાઈનો ઉપયોગ કરતી વખતે બેંકિંગ અથવા મહત્વપૂર્ણ કામ કરવાનું ટાળવું જોઈએ. શક્ય હોય તો ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન ચાલુ રાખવું. જો ફોનમાં બેટરી ઝડપથી ઉતરવી, ડેટાનો વપરાશ વધવો, અજાણી એપ દેખાવવી અથવા કેમેરા-માઈક્રોફોન ઈન્ડિકેટર ચાલુ રહેવા જેવા સંકેતો દેખાય, તો તરત તપાસ કરવી જોઈએ. જરૂર પડે તો પાસવર્ડ બદલી, શંકાસ્પદ એપ કાઢી નાખવી અને નિષ્ણાતની મદદ લેવી જોઈએ. સાવચેતી જ ડિજિટલ સુરક્ષાનું સૌથી મોટું હથિયાર છે.

મયુર ભુસાવળકર
આઈટી એક્સપર્ટ




## ફોનને સુરક્ષિત રાખવા માટેના મુખ્ય પાંચ ઉપાયો

### ૧. ફોનમાં ઉપલબ્ધ સોફ્ટવેરને હંમેશા અપડેટ રાખો

ફોનમાં ઉપલબ્ધ સોફ્ટવેર માટે કંપનીઓ સમયાંતરે "સિક્યોરિટી પેચ" મોકલે છે. આ અપડેટ્સ ફોનની સુરક્ષા ખામીઓને સુધારે છે. તેથી, જ્યારે પણ સિસ્ટમ તેમજ સોફ્ટવેર અપડેટ આવે, ત્યારે તેને તરત જ ઇન્સ્ટોલ કરો.

### ૨. ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન ચાલુ કરો

માત્ર પાસવર્ડ પૂરતો નથી. તમારા જીમેઈલ, વોટ્સએપ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં 2FA સક્રિય કરો, આનાથી જો કોઈ પાસે તમારો પાસવર્ડ હશે તો પણ તે તમારા OTP વગર લોગિન કરી શકશે નહીં.

### ૩. અજાણી લિંક્સ અને એપ્સથી દૂર રહો :

ક્યારેય પણ WhatsApp કે SMS દ્વારા આવેલી લોભામણી લિંક્સ પર ક્લિક ન કરો. કોઈપણ ક્ષેત્ર ની એપ્લિકેશન્સ હંમેશા અધિકૃત "Google Play Store" અથવા "Apple App Store" પરથી જ ડાઉનલોડ કરો. "APK" ફાઈલો ડાઉનલોડ કરવાનું ટાળો.

### ૪. પબ્લિક વાઈ-ફાઈ નો ઉપયોગ ટાળો

રેલવે સ્ટેશન કે કાફેના ફ્રી વાઈ-ફાઈ હેકર્સ માટે ડેટા ચોરવાનું સૌથી સરળ માધ્યમ છે.જો પબ્લિક વાઈ-ફાઈ નો ઉપયોગ જો અનિવાર્ય હોય તો હંમેશાનો લાયસન્સ "વી પી એન" નો ઉપયોગ કરો.

### ૫. એપ્લિકેશન પરમિશન તપાસો

કોઈપણ એપ ડાઉનલોડ કર્યા પછી તે કઈ બાબતોનો એક્સેસ અથવા પરમિશન માંગે છે તે જુઓ, દાખલા તરીકે, જો કોઈ "કેલ્ક્યુલેટર" એપ તમારા કેમેરા કે કોન્ટેક્ટ્સનો એક્સેસ માંગે, તો સમજવું કે તે એપ્લિકેશન શંકાસ્પદ છે.

## જો ફોન હેક થઈ ગયો હોય તો શું કરવું ?

**1) ઈન્ટરનેટ બંધ કરો:** તરત જ વાઈ-ફાઈ અને મોબાઈલ ડેટા બંધ કરો જેથી હેકર ડેટા ન લઈ શકે.




**2) પાસવર્ડ બદલો:** બીજા સુરક્ષિત ડિવાઇસથી તમારા તમામ બેંકિંગ અને સોશિયલ મીડિયા એકાઉન્ટના પાસવર્ડ બદલી નાખો.




**3) ફેક્ટરી રીસેટ :** ફોનનો બેકઅપ લીધા વગર તેને ફેક્ટરી રીસેટ કરો, આનાથી તમામ છુપાયેલા વાયરસ દૂર થઈ જશે.




**4) સાયબર ક્રાઈમમાં ફરિયાદ:** જો નાણાકીય નુકસાન થયું હોય, તો તરત જ 1930 પર કોલ કરો અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો.



## ફોન હેક થયો છે?



### સંકેતોને અવગણશો નહીં

**જ્યારે કોઈ હેકર તમારા ફોનનો એક્સેસ મેળવે છે, ત્યારે ફોન નીચે મુજબના અસામાન્ય વર્તન કરવા લાગે છે.**

**1 બેટરી ઝડપથી ઉતરી જવી**

જો તમારા મોબાઈલ ફોનની બેટરી અચાનક ખૂબ જ ઝડપથી ખતમ થવા લાગે, તો તે હેકિંગનો પ્રાથમિક સંકેત હોઈ શકે છે. હેકર્સ દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવેલી સ્પાયવેર એપ્સ બેકગ્રાઉન્ડમાં સતત કામ કરતી હોય છે જેના કારણે બેટરીનો વપરાશ વધી જાય છે અને તે ઝડપથી ઉતરી જાય છે.



**2 ફોનનું વધુ પડતું ગરમ થવું**

કોઈ ભારે ગેમ રમ્યા વગર કે ચાર્જિંગ વગર તેમજ વિવિધ વિડીયો "એ આઈ" ટૂલ નો ઉપયોગ કર્યા વગર પણ જો તમારો ફોન ગરમ રહેતો હોય, તો સમજી લેવું કે બેકગ્રાઉન્ડમાં કોઈ અજાણી પ્રક્રિયા ચાલી રહી છે. જેનાથી ડિવાઇસ ગરમ થાય છે.



**3 ડેટાનો વપરાશ અચાનક વધી જવો**

જો તમે ઈન્ટરનેટનો બહુ ઓછો ઉપયોગ કર્યો હોય છતાં તમારો ડેઈલી ડેટા પ્લાન વહેલો પૂરો થઈ જતો હોય, તો ચેતી જજો. હેક કરેલા ફોનમાંથી ફોટા, વિડિયો અને અંગત માહિતી સતત હેકરના સર્વર પર અપલોડ થતી રહે છે અને ડેટા વપરાય છે.




**4 અજાણી એપ્લિકેશન્સ દેખાવી**

તમારા ફોનના એપ લિસ્ટમાં એવી કોઈ એપ્લિકેશન દેખાય જે તમે ક્યારેય ડાઉનલોડ તેમજ ઈન્સ્ટોલ નથી કરી, તો તે ખતરાની નિશાની છે. ઘણીવાર હેકર્સ "ટ્રોજન" તરીકે ઓળખાતી એપ્સ દ્વારા ફોનમાં ઘૂસણખોરી કરે છે.



**5 કેમેરા અને માઈક્રોફોન ઈન્ડિકેટર્સ**

જો તમે કેમેરાનો ઉપયોગ નથી કરી રહ્યા છતાં ઉપરના ખૂણે લીલા અથવા કેસરી રંગનું ટપકું દેખાય, તો એનો અર્થ છે કે કોઈ તમારી જાસૂસી કરી રહ્યું છે તેમ સમજવું.







રમેશભાઈના મોબાઈલ પર એક અજાણ્યો મેસેજ આવ્યો તેમાં લખ્યું હતું કે, "તમારું બેંક એકાઉન્ટ બ્લોક થઈ જશે, પાસવર્ડ અપડેટ કરવા માટે અહીં ક્લિક કરો." રમેશભાઈએ ઉતાવળમાં લિંક પર ક્લિક કર્યું અને એક નાની ફાઈલ ડાઉનલોડ થઈ ગઈ. થોડા દિવસોમાં રમેશભાઈએ જોયું કે તેમનો ફોન હેંગ થવા લાગ્યો હતો અને રાત્રે પણ ફોન ગરમ રહેતો હતો. એક દિવસ અચાનક તેમના બેંક એકાઉન્ટમાંથી પૈસા કપાઈ ગયા. કારણકે , રમેશભાઈ જ્યારે તે લિંક પર ક્લીક કર્યું તેનાથી તેમના મોબાઈલમાં એક "સ્પાયવેર" ફોનમાં ઈન્સ્ટોલ થઈ ગયો હતો, જે રમેશભાઈના તમામ મેસેજ અને "ઓ ટી પી" હેકરને મોકલી રહ્યો હતો. અને આ રીતે રમેશભાઇનું એકાઉન્ટ હેક કરી દેવામાં આવ્યું અને તમામ નાણા હેકર્સના અકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હતાં.

# VR HEADSET : ભવિષ્યની દુનિયા હવે આંખો સામે

## VR Headsetથી બદલાઈ રહ્યો છે ટેક્નોલોજીનો અનુભવ

આજના ડિજિટલ યુગમાં ટેક્નોલોજી ખૂબ ઝડપથી બદલાઈ રહી છે. સ્માર્ટફોન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બાદ હવે Virtual Reality એટલે કે VR ટેક્નોલોજી લોકોમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. ખાસ કરીને VR Headset યુવાનો, વિદ્યાર્થીઓ, ગેમર્સ અને બિઝનેસ ક્ષેત્રમાં ઝડપથી લોકપ્રિય બની રહ્યું છે. VR Headset એક ખાસ પ્રકારનું ડિવાઈસ છે, જે પહેર્યા બાદ વ્યક્તિને એવું લાગે છે કે તે કોઈ બીજી દુનિયામાં પહોંચી ગયો હોય. આ ટેક્નોલોજી દ્વારા વ્યક્તિ ગેમની અંદર હોવાનો અનુભવ કરી શકે છે, સમુદ્રમાં ડૂબકી લગાવવાનો અહેસાસ મેળવી શકે છે અથવા ઘરે બેઠા દુનિયાના વિવિધ સ્થળોની સફર કરી શકે છે. VR Headsetમાં નાના સ્ક્રીન, સેન્સર અને 3D ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. માથું જ્યાં ફેરવવામાં આવે ત્યાં દૃશ્ય પણ બદલાય છે અને અવાજ પણ વાસ્તવિક અનુભવ કરાવે છે. કેટલીક ડિવાઈસમાં ખાસ કંટ્રોલર પણ આપવામાં આવે છે, જેનાથી અનુભવ વધુ રિયલ બને છે. ગેમિંગ સિવાય શિક્ષણ, મેડિકલ ટ્રેનિંગ, વર્ચ્યુઅલ મીટિંગ અને ટ્રાવેલિંગ જેવા ક્ષેત્રોમાં પણ VRનો ઉપયોગ વધી રહ્યો છે. વિદ્યાર્થીઓ સાયન્સના પ્રયોગો જોઈ શકે છે, ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ શકે છે અને ડોક્ટરો ઓપરેશનની પ્રેક્ટિસ કરી શકે છે.વિશેષજ્ઞોના મતે ભવિષ્યમાં Virtual Office, VR School અને Virtual Shopping સામાન્ય બનશે. જોકે લાંબા સમય સુધી ઉપયોગથી આંખોમાં તકલીફ અને ચક્કર આવવાની શક્યતા પણ રહે છે.

અર્જુન શર્મા
આઈટી એક્સપર્ટ



**આંખોમાં તકલીફ અને ચક્કરની શક્યતા**

### VR Headset શું છે?

- Virtual Reality આધારિત ડિવાઇસ
- પહેર્યા બાદ 3D દુનિયાનો અનુભવ
- ગેમિંગ અને વર્ચ્યુઅલ અનુભવ માટે ઉપયોગી
- આંખો સામે રિયલ જેવી દુનિયા દેખાય

### VRના મુખ્ય ફાયદા

- રિયલ અનુભવ મળે
- અભ્યાસ રસપ્રદ
- ટ્રેનિંગ વધુ સુરક્ષિત બને
- મનોરંજનનો નવો અનુભવ
- નવી દુનિયા અનુભવવાની તક

### VRના નુકસાન

- આંખોમાં થાક આવી શકે
- ચક્કર આવવાની શક્યતા
- મોંઘી ડિવાઇસ
- વધુ ઉપયોગ નુકસાનકારક
- વાસ્તવિક દુનિયાથી અલગાવ
- બાળકો માટે વધુ ઉપયોગ હાનિકારક
- વધુ ઉપયોગથી માથાનો દુખાવો થઈ શકે

### ભવિષ્યમાં બાળકો VR Schoolમાં અભ્યાસ કરશે

Virtual Reality (VR) ટેક્નોલોજી ભવિષ્યમાં માનવ જીવનનો મહત્વપૂર્ણ ભાગ બનવાની દિશામાં આગળ વધી રહી છે. આજકાલ ગેમિંગ અને મનોરંજન સુધી સીમિત રહેલી VR ટેક્નોલોજી હવે શિક્ષણ, આરોગ્ય, બિઝનેસ અને ટ્રેનિંગ જેવા ક્ષેત્રોમાં પણ ઝડપથી ઉપયોગમાં લેવાઈ રહી છે. ભવિષ્યમાં લોકો Virtual Officeમાં કામ કરશે, VR Schoolમાં અભ્યાસ કરશે અને ઘરે બેઠા દુનિયાભરની સફરનો અનુભવ કરશે. ડોક્ટરો માટે સર્જરીની પ્રેક્ટિસ અને વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ અભ્યાસ વધુ સરળ બનશે. ટેક્નોલોજીના વિકાસ સાથે VR વધુ સસ્તી અને સરળ બનશે, જેના કારણે સામાન્ય લોકોના દૈનિક જીવનમાં તેનો ઉપયોગ વધતો જશે.

### 4.ક્યાં ક્યાં થાય છે ઉપયોગ?

- Gaming
- Education
- Medical Training
- Virtual Travel
- Business Meeting

# વાયરલેસ ચાર્જિંગ ટ્રેન્ડ કે જરૂરિયાત?

સ્માર્ટફોન દુનિયામાં હવે વાયરલેસ ચાર્જિંગ ઝડપથી લોકપ્રિય બની રહ્યું છે. પ્રીમિયમ ફોન બાદ હવે મધ્યમ શ્રેણીના ડિવાઈસોમાં પણ આ ફીચર જોવા મળે છે. વાયરલેસ ચાર્જિંગમાં ઈલેક્ટ્રોમેગ્નેટિક ફીલ્ડ દ્વારા ફોન, સ્માર્ટવોચ અને ઈયરબડ્સ ચાર્જ થાય છે. માત્ર ચાર્જિંગ પેડ પર ડિવાઈસ મૂકતાં જ ચાર્જિંગ શરૂ થઈ જાય છે, જેથી કેબલની જરૂર રહેતી નથી.આ ટેક્નોલોજી ખાસ કરીને ઓફિસ, ઘર અને કારમાં વધુ ઉપયોગી સાબિત થઈ રહી છે. ડેસ્ક ચાર્જિંગ પેડ મિનિમલિસ્ટ સેટઅપ આપે છે, જ્યારે કાર વાયરલેસ ચાર્જર ડ્રાઈવિંગ દરમિયાન સરળ ચાર્જિંગની સુવિધા આપે છે. મેગ્નેટિક વાયરલેસ પાવર બેંક પણ યુવાનોમાં લોકપ્રિય બની રહી છે. જો કે, વાયરલેસ ચાર્જિંગમાં કેટલીક મર્યાદાઓ પણ છે. વાયરડ ચાર્જિંગ કરતાં તેની સ્પીડ ઓછી રહે છે અને વધુ ગરમી ઉત્પન્ન થવાની શક્યતા રહે છે. યોગ્ય એલાઈનમેન્ટ ન હોય તો ચાર્જિંગ અસરગ્રસ્ત બને છે. ટેક નિષ્ણાતો માને છે કે ભવિષ્યમાં ઝડપી અને વધુ કાર્યક્ષમ વાયરલેસ ચાર્જિંગ સામાન્ય બનશે. તેથી આ ટેક્નોલોજી હવે માત્ર સ્ટાઈલ નહીં પરંતુ સ્માર્ટ જીવનશૈલીનો મહત્વપૂર્ણ ભાગ બની રહી છે.




**વાયરલેસ ચાર્જિંગના ફાયદા I** કેબલ વગર સરળ ચાર્જિંગ, સ્ટાઈલિશ સેટઅપ અને ઓફિસ-કારમાં સરળ ઉપયોગ વાયરલેસ ચાર્જિંગને લોકપ્રિય બનાવે છે. ફોન મૂકતાં જ ચાર્જિંગ શરૂ થતું હોવાથી દૈનિક ઉપયોગ વધુ અનુકૂળ બને છે.

**ક્યાં વધુ ઉપયોગી? I** ડેસ્ક ચાર્જિંગ પેડ, કાર માઉન્ટ, વાયરલેસ પાવર બેંક સૌથી વધુ ઉપયોગમાં લેવાતા વિકલ્પો છે. મુસાફરી દરમિયાન અને મિનિમલિસ્ટ વર્કસ્પેસ માટે તે ખાસ અનુકૂળ માનવામાં આવે છે.

**મર્યાદાઓ શું છે? I** વાયરલેસ ચાર્જિંગમાં ચાર્જિંગ સ્પીડ ઓછી રહે છે. વધુ ગરમી અને યોગ્ય એલાઇનમેન્ટની જરૂરિયાત તેની મર્યાદા ગણાય છે. તેથી હાલમાં તે વાયરડ ચાર્જિંગનો સંપૂર્ણ વિકલ્પ નથી.

# સ્માર્ટફોનથી કંટાળેલી પેઢી હવે ફરી "ડમ્બફોન" તરફ! : હવે "સિમ્પલ લાઇફ"ની શોધ

એક સમય હતો જ્યારે સ્માર્ટફોન આધુનિક જીવનનું સૌથી મોટું પ્રતિક માનવામાં આવતું હતું, પરંતુ હવે ધીમે ધીમે લોકો ફરીથી જૂના કીપેડવાળા "ડમ્બફોન" તરફ વળી રહ્યા છે. સતત નોટિફિકેશન્સ, સોશિયલ મીડિયા, ડૂમસ્ક્રોલિંગ અને 24 કલાક ઓનલાઈન રહેવાની ટેવથી કંટાળેલા લોકો હવે "ડિજિટલ ડિટોક્સ" તરફ આગળ વધી રહ્યા છે. ડમ્બફોન એટલે એવા સરળ મોબાઈલ ફોન જેમાં ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા એપ્સ અથવા અદ્યતન સ્માર્ટફીચર્સ નથી હોતા. માત્ર કોલ, SMS અને મર્યાદિત ઉપયોગ માટે બનાવાયેલા આ ફોન હવે ફરી લોકપ્રિય બની રહ્યા છે.




### ડમ્બફોન"માનસિક શાંતિનું સાધન"

ઘણા યુઝર્સ ખાવાનું ઓર્ડર કરવું, રાઈડ-હેલિંગ એપ્સ અને અનાવશ્યક ઓનલાઈન સેવાઓનો ઉપયોગ ઘટાડીને સ્થાનિક દુકાનો અને ઓફલાઇન જીવન તરફ પાછા વળવાનું શરૂ કર્યું છે. કેટલાક લોકો તો ડમ્બફોનને "માનસિક શાંતિનું સાધન" પણ ગણાવી રહ્યા છે.વિઝ્યુઅલ એગ્રોફોટોગ્રાફર અગ્નિહોત્રી જેવા કેટલાક લોકો માટે ડમ્બફોન સોશિયલ મીડિયા અવાજથી દૂર રહેવાનો રસ્તો બની ગયો છે. તેઓ માને છે કે સ્માર્ટફોનથી દૂર રહેતા જીવન વધુ શાંત અને ફોકસ્ડ લાગે છે. તેમ છતાં નિષ્ણાતો માને છે કે ડમ્બફોન દરેક માટે સંપૂર્ણ ઉકેલ નથી.

નિષ્ણાતો માને છે કે આ માત્ર ટેક્નોલોજીનો ટ્રેન્ડ નથી પરંતુ "ડિજિટલ મિનિમલિઝમ" નામની નવી જીવનશૈલીનો ભાગ છે. લોકો હવે સમજવા લાગ્યા છે કે સ્માર્ટફોન માત્ર સુવિધા નથી આપતા, પરંતુ ધ્યાન ભંગ, માનસિક થાક અને માહિતીના અતિભારનું કારણ પણ બની રહ્યા છે. રિપોર્ટ મુજબ વૈશ્વિક ફીચર ફોન માર્કેટ 2024માં લગભગ 2.35 બિલિયન ડોલર સુધી પહોંચ્યું હતું અને આગામી વર્ષોમાં પણ તેમાં વૃદ્ધિ થવાની શક્યતા છે. ખાસ કરીને યુવા પેઢી અને પ્રોફેશનલ્સમાં ડમ્બફોનનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. ઘણા લોકો માને છે કે સ્માર્ટફોનના સતત ઉપયોગે માનવીય સંબંધો અને વાસ્તવિક વાતચીતને અસર પહોંચાડી છે. લોકો હવે ફરીથી શાંતિ, વ્યક્તિગત સમય અને ઑફલાઈન જીવનનો અનુભવ કરવા માંગે છે. ડમ્બફોન તરફ વળવાનું બીજું મોટું કારણ છે – પ્રાઈવસી અને ડેટા સુરક્ષા અંગેનો ભય. અનેક યુઝર્સ માને છે કે સ્માર્ટફોન એપ્સ સતત લોકેશન, વ્યક્તિગત માહિતી અને ઓનલાઈન વર્તન ટ્રેક કરે છે. કેટલાક લોકો હવે બે ફોનનો ઉપયોગ કરી રહ્યા છે – એક સ્માર્ટફોન કામ માટે અને બીજો સામાન્ય ડમ્બફોન વ્યક્તિગત જીવન માટે. આ રીતે તેઓ સોશિયલ મીડિયા અને સતત ઓનલાઈન રહેવાના દબાણથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે.